# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 05-04-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : SATURDAY** **National News**

**આકાશવાણી સમાચાર જયેશ પટેલ વાંચે છે.**

**************************************************

1) શ્રીલંકાનાં રાષ્ટ્રપ્રમુખે જણાવ્યું છે કે, ભારતની સલામતી અને પ્રાદેશિક સ્થિરતાને અસર થાય તે રીતે શ્રીલંકાનાં પ્રદેશનો ઉપયોગ કરવા દેવાશે નહીં.

2) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે માઓવાદીઓને શસ્ત્રો અને હિંસાનો માર્ગ ત્યાગીને સમાજનાં મુખ્ય પ્રવાહમાં જોડાવવાનું આહ્વાન કર્યું છે

3) કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે હિંદ મહાસાગર માટેનાં સાગર તરીકે ઓળખાતા INS સુનયના જહાજને લીલીઝંડી દર્શાવી આજે પ્રસ્થાન કરાવ્યું.

4) ગુજરાતનાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું છે કે, રાજ્ય સરકારે ગુજરાતને ઇલેક્ટ્રિક વાહનોનું કેન્દ્ર બનાવવા અનેક પગલાં ભર્યા છે.

**5)** ISSF નિશાનેબાજીની કપ સ્પર્ધામાં મહિલાઓની 50 મીટર રાઇફલ થ્રી-પોઝિશન ઇવેન્ટમાં ભારતનાં સિફ્તકૌર સમરાએ સુવર્ણ ચંદ્રક જીત્યો છે.

.........................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM-SRI LANKA-1

ભારતની સલામતી અને પ્રાદેશિક સ્થિરતાને અસર થાય તે રીતે શ્રીલંકાનાં પ્રદેશનો ઉપયોગ કરવા દેવાશે નહીં. શ્રીલંકાનાં રાષ્ટ્રપ્રમુખ અનુરા કુમાર દિસાનાયકેએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે આજે દ્વિપક્ષીય મંત્રણા કર્યાં બાદ પત્રકાર પરિષદમાં આ મુજબ જણાવ્યું હતું શ્રી દિસાનાયકેએ વિવિધ આપત્તિઓ દરમિયાન ભારતે આપેલા સમર્થન માટે ભારતનો આભાર માન્યો હતો.

જ્યારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારતની પાડોશી દેશ પહેલાની નિતી અંતર્ગત શ્રીલંકાનું સંપૂર્ણ સહકાર આપવાનો દ્રઢ નિર્ધાર વ્યકત કર્યો છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ શ્રીલંકામાં વિવિધ યોજનાઓ અંગે ભારતની નિતી વિશે જણાવતાં કહ્યું કે,

(બાઈટ – પીએમ, પોલીસી)

બંને અગ્રણીઓએ ભારતનાં માછીમારોની સમસ્યા અંગે વાતચીત કરી હતી. આ વિશે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે,

(બાઈટ – પીએમ, માછીમાર)

# PM-SRI LANKA-2

શ્રી મોદીએ શ્રીલંકાનાં ડિજીટલ આઈડેન્ટીટી પ્રોજેક્ટ માટે દસ કરોડ ડોલરની લોનને અનુદાનમાં ફેરવવાની જાહેરાત કરી હતી.

તેમણે ત્રીંકોમાલી ખાતે તમિલ સમુદાય માટે દસ હજાર આવાસો બાંધવાની બાબતે પ્રયાસો સઘન કરવાની ખાતરી આપી હતી. શ્રી મોદીએ સંરક્ષણ ક્ષેત્રે સહકાર વધારવા સધાયેલી વિવિધ સમજૂતીઓ બાબતે સંતોષ વ્યકત કર્યો હતો.

આ ઉપરાંત બંને આગેવાનોએ શ્રીલંકામાં વિજ પુરવઠાની સ્થિતી મજબૂત કરવા સક્ષમ સામપૂર વિજ યોજનાનો શિલાન્યાસ કર્યો હતો. ભારતની NTPC અને શ્રીલંકા વિજ બોર્ડ દ્વારા આ યોજના અમલમાં મૂકાશે.

આ ઉપરાંત ભારતે દામ્બૂલા ખાતે કૃષિ પેદાશો માટે ગોદામ અને 5 હજાર ધાર્મિક સ્થળોએ સૂર્ય શક્તિ દ્વારા વિજ ઉત્પાદન માટે સોલાર પેનલ સ્થાપવા શ્રીલંકાને સહાય આપી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિપક્ષનાં નેતા સાજિથ પ્રેમદાસ અને તમિલ પક્ષોનાં આગેવાનો સાથે પણ સંવાદ કર્યો હતો.

. . . . . . . . . . . . . . .

# IMP. ANNOUNCEMENT

## એક અગત્યની જાહેરાત

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે તમિલનાડુનાં રામેશ્વરમ ખાતેથી વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને શિલાન્યાસ કરશે. આ પ્રસંગે પ્રધાનમંત્રીનાં સંબોધનનું સીધું પ્રસારણ આકાશવાણી પરથી બપોરનાં એક વાગીને 25 મિનિટે પ્રસારીત થશે. આનાં કારણે બપોરનાં 1.20 થી ગુજરાતીમાં પ્રસારીત થતાં રાષ્ટ્રીય સમાચાર 1.20 થી 1.25 એમ પાંચ મિનિટનાં રહેશે.

અને બપોરનાં પ્રાદેશિક સમાચાર 2.30 ના બદલે 2.35 થી 2.40 દરમિયાન પ્રસારીત થશે. જ્યારે સમાચાર સમીક્ષા રદ રહેશે.

અગત્યની જાહેરાત પૂરી થઈ.

. . . . . . . . . . . . . . .

# CHHATTISGARH- AMIT SHAH VISIT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે માઓવાદીઓને શસ્ત્રો અને હિંસાનો માર્ગ ત્યાગીને સમાજનાં મુખ્ય પ્રવાહમાં જોડાવવાનું આહ્વાન કર્યું છે. આજે બસ્તરમાં યોજાઈ રહેલાં અને આદિવાસી કલા અને સંસ્કૃતિનો પરિચય આપતાં બસ્તર ઉત્સવનાં સમાપન સત્રને સંબોધતા ગૃહમંત્રીએ આવતા વર્ષે માર્ચ સુધીમાં છત્તીસગઢમાંથી માઓવાદની સમસ્યા ઉકેલવાનો નિર્ધાર વ્યકત કર્યો.

શ્રી અમિત શાહે બસ્તરમાં વિકાસનાં મહત્વ અંગે જણાવ્યું હતું કે,

(બાઈટ – અમિત શાહ, વિકાસ)

તેમણે આદિજાતીઓ કલા અને સંસ્કૃતિને પ્રોત્સાહન આપતાં ઉત્સવનું આયોજન કરવા બદલ સંબંધીતોની પ્રશંસા કરી હતી.

આજે તેઓ રાયપુરમાં યોજાનારી બેઠકમાં ડાબેરી અંતિમવાદને ડામવા લેવાયેલા પગલાંની સમીક્ષા કરશે.

. . . . . . . . . . . . . . .

# KARNATAKA-INS SUNAYNA

કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે જણાવ્યું છે કે, હિંદ મહાસાગર માટેનું સાગર જહાજ ભારતની શાંતિપૂર્ણ, સમૃદ્ધ અને સલામત દરિયાઈ ક્ષેત્ર પ્રત્યેની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

આજે કર્ણાટક ખાતેનાં નૌકાદળનાં મથકેથી હિંદ મહાસાગર માટેનાં સાગર તરીકે ઓળખાતા INS સુનયના જહાજને લીલીઝંડી દર્શાવતાં શ્રી રાજનાથ સિંહે આ મુજબ જણાવ્યું હતું.

તેમણે દરિયાઈ ક્ષેત્રમાં સર્વગ્રાહી અને સલામત વાતાવરણનું નિર્માણ કરવાની સાથે મળીને કામ કરવા હિંદ મહાસાગર ક્ષેત્રનાં તટવર્તી દેશોને અનુરોધ કર્યો હતો.

હિંદ મહાસાગર વિસ્તારનાં દેશોમાં સહકાર વધારવા શરૂ કરાયેલી સાગર એટલે કે, આ ક્ષેત્રનાં બધા દેશોની સલામતી અને વિકાસ સંકલ્પના હેઠળ સાગર જહાજનો આરંભ કરાયો છે.

. . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમ ચ ર આપ આકાશવ ણી પરથી સાંભળી રહ્યા છે. આ સમ ચ ર આપ અમ રી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજર ત પર પણ સાંભળી શકશે. વધુ સમ ચ ર મ ટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમ રા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

# CM EV PLANT

ગુજરાતનાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું છે કે , રાજ્ય સરકારે ગુજરાતને ઇલેક્ટ્રિક વાહનોનું કેન્દ્ર બનાવવા અનેક પગલાં ભર્યા છે . શ્રી પટેલે ગ્રીન , ક્લીન, પર્યાવરણપ્રિય ગુજરાત'ના નિર્માણ માટેનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો .

આજે બાવળા તાલુકાના ચાંગોદર ખાતે એક કંપનીનાં નવા ઈલેક્ટ્રીક વ્હીકલ મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટનું ઉદઘાટન કરતા મુખ્યમંત્રીએ રાજ્યમાં ઇવીને પ્રોત્સાહન આપવા લીધેલાં પગલાં અંગે જણાવ્યું

(BYTE CM EV)

. . . . . . . . . . . . .

# FUR REV SHOOTING-ISSF WORLD CUP

ISSF નિશાનેબાજીની કપ સ્પર્ધામાં મહિલાઓની 50 મીટર રાઇફલ થ્રી-પોઝિશન ઇવેન્ટમાં ભારતનાં સિફતકૌર સમરાએ સુવર્ણ ચંદ્રક જીત્યો છે. અર્જેન્ટિનાના બ્યુનોસ આયર્સ ખાતે ચાલી રહેલી આ સ્પર્ધામાં એશિયન ગેમ્સના મેડલ વિજેતા નિશાનેબાજ ચેઇન સિંહે પુરુષોની ઇવેન્ટમાં કાંસ્ય ચંદ્રક જીત્યો છે. 23 વર્ષના પેરિસ ઓલિમ્પિયન સિફતે 458.6 ના સ્કોર સાથે વિશ્વ કપમાં પોતાનો પહેલો સુવર્ણ ચંદ્રક જીત્યો છે.

જ્યારે ચેઇન સિંહે ત્રણ વર્ષ પછી ISSFમાં 443.7 ના સ્કોર સાથે કાંસ્ય ચંદ્રક જીત્યો હતો.

. . . . . . . . . . . . . . . .

# UGC- ABROAD STUDENT

કેન્દ્રીય અનુદાન પંચ – UGC એ વિદેશમાં અભ્યાસ પૂર્ણ કર્યાં બાદ દેશની ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ અથવા દેશનાં વિવિધ એકમોમાં કર્મચારી તરીકે જોડાવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે સમાનતા ધોરણે નિર્ધારિત માળખું રચવાનો નિર્ણય લીધો છે.

UGC દ્વારા આજે બહાર પડાયેલાં એક જાહેરનામામાં જણાવવામાં આવ્યું છે કે, આ હેતુથી વિદેશ શિક્ષણ સંસ્થાઓમાંથી શિક્ષણ લેનાર વિદ્યાર્થીઓ માટેની પાત્રતા ઓળખવા UGC એ પારદર્શક, અને ટેક્નોલોજી આધારીત વ્યવસ્થા તૈયાર કરી છે. UGCનાં અધ્યક્ષ એમ. જગદીશ કુમારે વધુમાં જણાવ્યું હતું કે, નવી શિક્ષણનીતી અંતર્ગત ભારતને શિક્ષણ ક્ષેત્રે વિશ્વમાં કેન્દ્ર બનાવવા માટે આ મહત્વનું પગલું લેવામાં આવ્યું છે.

. . . . . . . . . . . . . . . .

# DELHI GOVT- AYUSHMAN BHARAT

પાટનગર દિલ્હીમાં આયુષ્યમાન ભારત પ્રધાનમંત્રી જનઆરોગ્ય યોજનાનાં અમલીકરણ માટે રાષ્ટ્રીય આરોગ્ય સત્તામંડળ અને દિલ્હી સરકારે સમજૂતી પર હસ્તાંક્ષર કર્યાં છે.

દિલ્હીનાં આરોગ્ય મંત્રી પંકજ કુમાર સિંહએ જણાવ્યું હતું કે, આયુષ્યમાન ભારત પ્રધાનમંત્રી જનઆરોગ્ય યોજના હેઠળ લાભાર્થીઓને કુંટુંબ દીઠ પાંચ લાખ રૂપિયાનાં આરોગ્ય ક્ષેત્રનાં લાભો દરવર્ષે આપવામાં આવે છે. આ ઉપરાંત દિલ્હી સરકાર પણ આ યોજના હેઠળ વધારાનાં પાંચ લાખ  રૂપિયા લાભ આપશે.

આ પ્રસંગે કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે.પી. નડ્ડા અને દિલ્હીનાં મુખ્યમંત્રી રેખા ગુપ્તા ઉપસ્થિત હતાં.

. . . . . . . . . . . . . . . .

# MHA-NDRF

કેન્દ્ર સરકારે ગયા વર્ષે કુદરતી આપત્તિઓનો સામનો કરનાર બિહાર, હિમાચલ પ્રદેશ, તમિલનાડુ, અને કેન્દ્રશાસિત પ્રદેશ પોડિચેરી પ્રદેશને વધારાની સહાય પેટે એક હજાર 280 કરોડ રૂપિયા મંજૂર કર્યાં છે.

ગૃહમંત્રાલયે આજે જારી કરેલા નિવેદનમાં જણાવ્યું છે કે, કુદરતી આપત્તિઓ બાદ કેન્દ્ર સરકારે સંબંધીત રાજ્યોમાં આંતર-મંત્રાલયની કેન્દ્રીય સમિતીઓ મોકલી હતી. આ સમિતીઓ તરફથી વિધિવત્ આવેદનો મળે તે પહેલા કેન્દ્ર સરકારે 28 રાજ્યો માટે રાજ્ય આપત્તિ પ્રતિભાવ ભંડોળમાંથી 20 હજાર 264 કરોડ રૂપિયા છૂટા કર્યાં હતાં. એવી જ રીતે 2024-25માં 19 રાજ્યોને રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ ભંડોળમાંથી પાંચ હજાર 160 કરોડ રૂપિયા ફાળવ્યાં હતાં.

. . . . . . . . . . . . . . . .